

# વી.આર.એસ. : વેન્ચર - રિવૉલ્ટ - સૉલિટ્યુડ

"મને લાગે છે, હું આ જૉબ છોડી દઉં." સુનીલે કહ્યું. એ પોતાના લૅપટૉપ પર એવરેસ્ટ બેઝ કૅમ્પના ટ્રેકની તપાસ કરી રહ્યો હતો, "આ લોકો મને એક મહિનાની રજા તો નહીં જ આપે."

"પણ જરૂર શું છે આવી રજા લેવાની?" નિકિતાએ જરા ચીડથી કહ્યું, "આટલી સારી જૉબ છે. છોડવાની જરૂર શું છે?"

"અરે! મારે એવરેસ્ટ બેઝ કૅમ્પનું ટ્રેકિંગ કરવું છે. છેલ્લા બે મહિનાથી હું તૈયારી કરું છું. હવે છેલ્લી ઘડીએ એ લોકો રજા આપવાની ના પાડે એ કેમ ચાલે?" સુનીલે જરા ઉશ્કેરાટથી કહ્યું, "હું કાલે જ રાજીનામું આપી દઈશ."

"મને તો તમારી આ વાત સમજાતી જ નથી. એક ફાલતુ ટ્રેકિંગ માટે દોઢ લાખ રૂપિયાની નોકરી છોડી દેવાની? કેટલી સ્ટુપિડ વાત છે! બીજા કોઈનો વિચાર નહીં કરવાનો ને માત્ર તમારા મગજમાં જે ધૂનકી ભરાઈ એ જ સાચી?" નિકિતાએ છણકો કરીને પ્લૅટફૉર્મ પર વાસણ પછાડ્યું.

સુનીલ અને નિકિતા મુંબઈમાં 'લક્ઝુરિયસ' કહી શકાય એવી જિંદગી જીવતાં હતાં. સુનીલ પાસે સારી જૉબ હતી. માતા-પિતાનો સારો એવો વારસો પણ મળ્યો હતો. પૈસાની કોઈ તકલીફ નહોતી. વરલીમાં ફ્લૅટ, બંનેની પોતાની ગાડી, સંતાનોનું ઉત્તમ સ્કૂલમાં શિક્ષણ... બધું બરાબર ચાલતું હતું.

લગભગ પાંચ વર્ષ પહેલાં નિકિતાએ અચાનક એક દિવસ કહ્યું, "મારે જૉબ છોડી દેવી છે. હું થાકી જાઉં છું."

"છોડી દે." સુનીલે આરામથી કહ્યું હતું, "તું પૈસાની જરૂર છે માટે નોકરી કરતી નથી. તને ન મજા આવતી હોય તો તારે કામ કરવાની જરૂર નથી."

ચાળીસ વર્ષની નિકિતાએ જૉબ છોડી દીધી. એ પાંચ વર્ષથી ઘરમાં છે.

સુનીલે એને કોઈ તકલીફ આપી નથી. આખા દિવસની બાઈ આવતી હતી એ ચાલુ રહી. એક પાર્ટટાઇમ કુક પણ ચાલુ જ રહ્યો... લાઇફસ્ટાઇલમાં નિકિતાના નોકરી છોડવાથી કોઈ ફેર ના પડ્યો.

આજે સુનીલ ૪૫ વર્ષનો છે. એના આખા જીવનની એક જ મહેચ્છા હતી - હિમાલયમાં ટ્રૅકિંગ કરવાની. અત્યાર સુધી ફૅમિલીની જવાબદારીને કારણે એણે કોઈ દિવસ પોતાની ઇચ્છાઓને પ્રાધાન્ય ન આપ્યું. હંમેશાં પહેલાં માતા-પિતા, પછી નિકિતા અને એ પછી સંતાનોની ઇચ્છાઓ પૂરી કરવામાં સુનીલે કોઈ દિવસ પોતાનો વિચાર કર્યો જ નહીં. હવે પૂરતું ઇન્વેસ્ટમેન્ટ અને સંતાનોનાં ઍડ્મિશનની વ્યવસ્થા થઈ ચૂકી એટલે સુનીલે પહેલાં એક નાનકડા ટ્રૅક માટે પૈસા ભર્યા. આઠ દિવસના એ ટ્રૅકમાં એ એકલો ગયો, નિકિતાએ સાથે જવાની ચોખ્ખી ના પાડી દીધી. બાવીસ વર્ષના લગ્નજીવનમાં પહેલી વાર સુનીલને સાચા અર્થમાં 'વેકેશન'નો અહેસાસ થયો. ટ્રૅક પરથી પાછા આવીને સુનીલે એવરેસ્ટ બેઝ કૅમ્પની તૈયારી કરવા માંડી. પોતાની કંપનીમાં રજા માટે અપ્લાય કરી દીધું, પણ જવાના આઠ દિવસ પહેલાં કોઈક કારણસર એની રજા કૅન્સલ કરવામાં આવી. સુનીલ માટે આ અસહ્ય હતું. એણે નક્કી કરી લીધું કે એ નોકરી છોડી દેશે...

આજે ઘરમાં એ બાબતે મોટું રમખાણ થઈ ગયું. નિકિતાનો આગ્રહ હતો કે સુનીલે નોકરી ન છોડવી જોઈએ. સુનીલને શ્રદ્ધા હતી કે એ પાછો આવીને નવી નોકરી શોધી લેશે. હવે જ્યારે એની દુનિયામાં બધું જ ગોઠવાઈ ગયું છે ત્યારે કદાચ બે-ત્રણ મહિના નોકરી ન પણ મળે તો શું ફેર પડે? એવું સુનીલ માનતો હતો, પરંતુ નિકિતા આ વાત સાથે કોઈ રીતે સહમત નહોતી. એણે તો ધમાચકડી મચાવી દીધી...

સુનીલે માત્ર એક જ સવાલ પૂછ્યો, "તને જ્યારે નોકરી છોડવી હતી ત્યારે મેં તને એ સગવડ ઊભી કરી આપી... કોઈ દિવસ તારા પૈસાની આશા મેં રાખી નથી. તેમ છતાં તને અને સંતાનોને એ બધું જ આપવાનો પ્રયત્ન કર્યો, જે હું આપી શકતો હતો. હવે જ્યારે મારે મારા માટે કંઈ કરવું છે ત્યારે પણ મારે તમારો જ વિચાર કરવાનો?"

આ સવાલ બહુ અગત્યનો છે. આજથી વીસ વર્ષ પહેલાં કદાચ આ સવાલનું એટલું મહત્ત્વ નહોતું, જેટલું આજે છે. સ્ત્રી-પુરુષ સંબંધનાં પરિમાણ બદલાયાં

છે. સ્ત્રીને લગભગ દરેક બાબતમાં સમકક્ષ અથવા સમોવડિયા અધિકારો જોઈએ છે, પરંતુ જ્યારે કુટુંબની આર્થિક જવાબદારી લેવાની વાત આવે ત્યારે એ કામ પુરુષે જ કરવું જોઈએ એવો એક વ્યાપક ખ્યાલ આ સમાજમાં છે. બાકી કેટલીયે બાબતો એવી છે, જેમાં સ્ત્રી પોતાના 'એમ્પાવરમેન્ટ' વિશે સજાગ છે. ઘરનાં કામ પુરુષ કેમ ન કરે એવો સવાલ બહુ સ્વાભાવિક રીતે પૂછવામાં આવે છે. કમાતી પત્નીને પુરુષે ઘરકામમાં મદદ કરવી જોઈએ એવું ગાઈ-વગાડીને કહેવામાં આવે છે, પરંતુ જ્યારે ઘરનો કમાતો પુરુષ અચાનક નોકરી છોડવાની વાત કરે ત્યારે ફાઇનાન્સિયલી સેટલ્ડ ફૅમિલીમાં પણ નાનકડો ધરતીકંપ આવે છે.

કુટુંબની આર્થિક જવાબદારી પુરુષની છે એ ખ્યાલ આજથી સો વર્ષ પહેલાં પણ હતો... ને આજે પણ છે! એમ્પાવરમેન્ટના નામે સ્ત્રીને સ્વતંત્રતા જોઈએ છે, પરંતુ એવી પત્નીઓ ખરેખર કેટલી છે કે જે એના પતિને એમ કહે કે, "તમે તમારો શોખ પૂરો કરો, હું તમારી જવાબદારી લઈશ!" પરણેલા પુરુષે ભણતાં ભણતાં પણ નોકરી કરવી પડે... કુટુંબના ભરણપોષણની જવાબદારી એણે લેવી જ પડે, ત્યાં સ્ત્રીના એમ્પાવરમેન્ટની ચર્ચા કોઈ નથી કરતું. સ્ત્રી-પુરુષ લગ્નજીવનના રથનાં બે પૈડાં છે, જ્યારે આવું કહેવામાં આવે છે ત્યારે આ બંને પૈડાંને પોતપોતાની જિંદગી જીવવાનો અધિકાર મળવો જોઈએ એવી દલીલ કરવામાં આવે છે. જ્યારે સ્ત્રી પોતાના કોઈ શોખ મારે કે મન મારીને પોતાના કુટુંબ માટે કોઈ સમર્પણ કરે ત્યારે એને 'દેવી' કહીને નવાજવામાં આવે છે, પરંતુ લગભગ દરેક પુરુષ પોતાની જરૂરિયાતોને હંમેશાં પ્રાયોરિટી લિસ્ટમાં સૌથી છેલ્લે મૂકે છે. આ વાતની નોંધ ભાગ્યે જ કોઈએ લીધી છે.

આપણે એવા કેટલા પુરુષોને ઓળખીએ છીએ કે જેમણે નાદુરસ્ત તબિયતના બહાને કે 'કંટાળો આવે છે' એવા બહાના હેઠળ નોકરીમાં રજા પાડી હોય? (અહીં કામચોર અને આળસુ લોકોની વાત નથી થતી. અપવાદ દરેક જગ્યાએ હોય જ છે.) સ્ત્રીઓને આવી લક્ઝરી સાવ આરામથી મળી જતી હોય છે. બાળકની માંદગી માટે માએ રજા લેવી પડે છે એવી ફરિયાદ તો બહુ સ્વાભાવિક રીતે કરવામાં આવે છે - કેટલા પિતા પોતાના બાળકની માંદગી દરમિયાન રજા લેતા હશે એવો સવાલ પણ નારીવાદી સંસ્થાની સ્ત્રીઓ પૂછે છે, પરંતુ એમને ખબર છે ખરી કે બીમારીમાં બાળકને પિતા હાજર હોય તો પણ માની જરૂર હોય છે. કોઈ પુરુષ પોતાના બાળક ખાતર નોકરી છોડવાની વાત કરે - બાળકની સંભાળ લેવા ઘેર રહેવાનું નક્કી કરે તો આ સમાજ એને એવું કરવા

દે ખરો? દલીલ કરવા ખાતર વાત રસપ્રદ છે કે બાળકની માંદગીમાં પુરુષ રજા નથી લેતો, પરંતુ મા સાથે બાળકનું બૉન્ડ સાવ જુદું જ છે... અને આ કોઈ સ્ત્રી ઉપરનો અત્યાચાર નથી, બલકે કુદરતે સ્ત્રીને આપેલી ખાસ ભેટ છે! મોટાભાગના પુરુષો બહારગામ જાય ત્યારે પત્ની અને સંતાનો માટે ખરીદી કરે છે. રવિવાર કે રજાના દિવસે પત્ની અને સંતાનોની પસંદગી પ્રમાણે બહાર ખાવાનો પ્રોગ્રામ બને છે. આખું અઠવાડિયું નોકરી કર્યા પછી રવિવારના દિવસે બહાર ન જવાની ચૉઇસ પુરુષને સામાન્ય રીતે મળતી નથી, પણ એ વિશે ભાગ્યે જ કોઈ પુરુષને ફરિયાદ કરતા સાંભળ્યા છે.

પોતાના શોખ માટે કે આખી જિંદગી સેવેલાં સ્વપ્ન માટે, આગળ ભણવા માટે કે કોઈ નવી કલા શીખવા માટે જો પુરુષ પોતાની 'સારી' કહેવાતી નોકરી છોડી દે તો એ મૂર્ખ છે, બેજવાબદાર છે, પરંતુ જો કોઈ સ્ત્રી આવું કરે તો એણે પોતાની ઝળહળતી કારકિર્દીને પોતાના પૅશન ખાતર છોડી દીધાના ગૌરવ પુરસ્કારો એને આપવામાં આવે છે. મા પોતાનાં સંતાનોને સાચવવા માટે નોકરી છોડે તો એ ત્યાગ છે, પણ જો પિતા પોતાના સંતાનનું ધ્યાન રાખવા માટે નોકરી છોડે તો વેવલાવેડા છે. પુરુષને કમાવાનો કંટાળો આવી શકે જ નહીં - આવવો જોઈએ નહીં એવું નક્કી જ છે.

કમાવું એ સ્ત્રી માટે ઑપ્શન છે, પુરુષ માટે કમ્પલ્ઝન... એક વાર લગ્ન કર્યા પછી કુટુંબ સેટલ ન થઈ જાય, સંતાન કમાતું ન થાય ત્યાં સુધી પુરુષને રિટાયર થવાનો અધિકાર આ સમાજ નથી આપતો. એમાં કોઈ ડિસ્કાઉન્ટ નથી મળતું... સમોવડા થવાની દલીલો છે તો રસપ્રદ, સ્ત્રી કમાય છે અને એણે પોતાની કમાણી પુરુષને સોંપી દેવી પડે છે એવી દલીલો કરનાર લોકોને ખબર છે ખરી કે એવા કેટલાય પુરુષો છે, જે પોતાનો આખો પગાર પત્નીના હાથમાં મૂકે છે!

બાવીસ-પચીસ વર્ષની છોકરી જો ન કમાતી હોય તો માતા-પિતા એને ભાગ્યે જ કશું કહે છે, પણ બાવીસ-પચીસ વર્ષનો છોકરો જો કમાતો ન હોય તો ઘરમાં એ વિશે ઊહાપોહ મચી જતો જોવા મળે છે! આર્થિક જવાબદારી જો પુરુષની હોય તો નિર્ણયની સત્તા એને મળે એમાં ખોટું શું છે એવો સવાલ સ્વાભાવિક રીતે જ ઊભો થાય...


જે જવાબદારી લે એને સ્વતંત્રતા અને અધિકારો મળે એવો સીધો હિસાબ જો

**આ સમાજમાં ચાલતો હોય તો યુવાન થાય ત્યાંથી શરૂ કરીને સાવ ઘરડો થઈ જાય ત્યાં સુધી પોતાના કુટુંબની જવાબદારી પૂરી કરતો પુરુષ જો અધિકારોની માગણી કરે તો એમાં ખોટું શું છે?**

.....................................................................

બાવીસ-પચીસ વર્ષની છોકરી જો ન કમાતી હોય તો માતા-પિતા એને ભાગ્યે જ કશું કહે છે, પણ બાવીસ-પચીસ વર્ષનો છોકરો જો કમાતો ન હોય તો ઘરમાં એ વિશે ઊહાપોહ મચી જતો જોવા મળે છે! કમાવું એ સ્ત્રી માટે ઑપ્શન છે, પુરુષ માટે કમ્પલ્ઝન...

.....................................................................



# ઔર ભી ગમ હૈ, ઝમાને મેં મહોબ્બત કે સિવા...

"એક્સક્યુઝ મી... આ પ્રેમ શબ્દ સાથે મારે દૂર દૂર સુધી કોઈ સંબંધ નથી." અમોઘે આળસ મરડીને પગ લાંબા કર્યા. ત્રણ મિત્રો બેસીને બિયર પી રહ્યા હતા. રઘુ, અમોઘ અને વિનીત. ભારતનાં ત્રણ જુદાં સ્ટેટમાંથી આવીને મુંબઈમાં નોકરી કરતા આ છોકરાઓ અપાર્ટમેન્ટ શૅર કરતા હતા. રઘુ એક ક્રિશ્ચિયન છોકરીના પ્રેમમાં હતો. તામિલ બ્રાહ્મણ કુટુંબનો છોકરો ઘેર કહી શકતો નહોતો. છેલ્લાં ત્રણ વર્ષથી એ સેન્ડ્રાને ડેટ કરતો હતો, પણ લગ્નની વાત આવે કે પાણીમાં બેસી જતો. બે-ચાર પેગ બિયર ગળા નીચે ઊતરે કે રઘુ ઇમોશનલ થઈ જતો... આજે પણ એવું જ થયું હતું.

રઘુ પોતાના પ્રેમનાં દુઃખડાં રડી રહ્યો હતો ત્યારે દર વખતની જેમ અમોઘે ફરી એક વાર કહ્યું, "આ બધાં પ્રેમ-ફ્રેમનાં લફરાં ઊભાં કરવાનાં જ નહીં. પ્રેમથી વધુ વાહિયાત બાબત આ જગતમાં બીજી કોઈ નથી. પ્રેમ શબ્દ સાથે મારે દૂર દૂર સુધી કોઈ લેવાદેવા નથી." અમોઘની વાત સાચી હતી. એણે ક્યારેય કોઈ છોકરી સાથે એક સાંજ પણ વિતાવી હોય એવું છેલ્લાં ત્રણ વર્ષમાં બન્યું નહોતું. અમોઘ દેખાવડો હતો. છ ફૂટની હાઇટ અને રેગ્યુલર જિમિંગને કારણે બનેલું સુદઢ શરીર, નમણો ચહેરો... કોઈપણ છોકરી શરૂઆતના પરિચયમાં જ અમોઘ તરફ આકર્ષાતી, પરંતુ અમોઘ એને પહેલી કે બીજી મુલાકાતમાં જ કહી દેતો, "નો ડેટિંગ, નો વુમન ઍન્ડ નો લવ-શવ ફૉર મી."

આ માત્ર અમોઘની જ વાત નથી, આવું ઘણા પુરુષોમાં જોવા મળે છે. એમને લાગે છે કે પ્રેમ એમની કારકિર્દીમાં કે એમના ફોકસમાં ક્યાંક વચ્ચે આવશે - નડશે અથવા એમને માટે સમસ્યા ઊભી કરશે એટલે આવા પુરુષો પ્રેમના નામથી જ ભાગતા હોય છે. એમને માટે આવા સંબંધો વીકનેસ હોય છે. એમને લાગે છે કે આ 'સ્ત્રી' શબ્દ એમની જિંદગીમાં કોઈ કારણ વગરની સમસ્યાઓ

ઊભી કરશે. સામાન્ય રીતે પુરુષની પ્રકૃતિ કૅર ફ્રી અથવા ટૅગલેસ જીવવાની છે. બંધનમુક્ત રહેવું એ પુરુષ માત્રની બેઝિક જરૂરિયાત છે. મોટાભાગના પુરુષો માટે લગ્ન એ સામાજિક જરૂરિયાત અથવા એક સગવડનો ભાગ હોય છે. લગ્ન કરી લેવાથી 'એક કામ પૂરું થયું' માનનારા પુરુષોની સંખ્યા ઓછી નથી. પ્રેમમાં પડીને લગ્ન કરનારા પુરુષો પણ જીવનભર એ મુગ્ધતા કે સ્નેહમાં એટલી જ ઇન્ટેન્સિટીથી ટકી શકતા નથી. એનું કારણ કદાચ એવું હોઈ શકે કે પુરુષ માટે પ્રેમ એની જિંદગીનો એક ભાગ છે - એના માટે પ્રેમમાં હોવાની ફીલિંગ થોડા મહિના, થોડાં વર્ષો કે થોડા સમય માટે હોઈ શકે, જ્યારે સ્ત્રી માટે પ્રેમ એની જિંદગીનો પર્યાય છે. સ્ત્રી માટે જીવનભર પ્રેમમાં તરબતર રહેવું એ એની જરૂરિયાત છે. એક સ્વભાવે પ્રૅક્ટિકલ છે અને બીજું સ્વભાવે રોમૅન્ટિક છે. અભિવ્યક્તિ એ એક માટે પ્રયત્નપૂર્વક કરવામાં આવેલી - કદાચ બીજાને ખુશ કરવામાં આવેલી એક પ્રવૃત્તિ માત્ર હોઈ શકે, જ્યારે બીજા માટે અભિવ્યક્તિ એ એના અસ્તિત્વનો એક ભાગ છે. દરેક પુરુષમાં થોડા ઘણા પ્રમાણમાં સ્ત્રી હોય છે અને દરેક સ્ત્રીમાં થોડા ઘણા પ્રમાણમાં એક પુરુષ હોય છે... સ્ત્રી અને પુરુષનું આ કૉમ્બિનેશન - અર્ધનારી નરેશ્વરનું આ સાયુજ્ય માણસ માત્રને સંપૂર્ણ બનાવે છે. આ પુરુષમાં સ્ત્રી, કે સ્ત્રીમાં પુરુષનું પ્રમાણ - પર્સન્ટેજ કેટલા છે એના પ્રમાણ ઉપર આ સ્ત્રી-પુરુષના વ્યક્તિત્વનો આધાર રહેલો છે.

કોઈપણ વાત કોઈપણ વ્યક્તિત્વ માટે લાગુ પડે જ, એવું જરૂરી નથી. માણસ માત્રના વ્યક્તિત્વનો આધાર એના ઇકો સોશિયો બૅકગ્રાઉન્ડ, ઉછેર, એને થયેલા જિંદગીના અનુભવ અને અનુભવમાંથી એણે તારવેલાં તારણો પર આધારિત છે. કોઈ જનરલ સ્ટેટમેન્ટ 'માણસ' વિશે ન થઈ શકે, તેમ છતાં મહત્ત્વની વાત એ છે કે, જ્યારે આપણે જેન્ડરની વાત કરતા હોઈએ - કોઈ એક પર્ટિક્યુલર જાતિ (જ્ઞાતિ નહીં) કે સેક્સની વાત કરતા હોઈએ, ત્યારે અમુક બાબતો સામાન્ય અથવા પ્રકૃતિગત જોવા મળે છે. પુરુષની પ્રકૃતિ સાથે કેટલીક વાતો વણાયેલી છે. એને આંસુ સાથે બહુ કમ્ફર્ટ નથી હોતી. દલીલ કરવામાં સામાન્ય રીતે પુરુષ બહુ ઊંચી આવડત ધરાવતો નથી. મહેણાં મારવા, સંભળાવવું, ચોપડાવી દેવું કે યાદ રાખીને હિસાબ કરવાની વૃત્તિ સામાન્ય રીતે પુરુષમાં નથી હોતી, હોય તો એમ માની શકાય કે એના સ્ત્રૈણ પર્સન્ટેજ થોડા વધારે છે! પ્રેમ એ પુરુષ માટે - સામાન્ય રીતે - એક એવી પ્રવૃત્તિ છે જેની સાથે એનું માનસિક સંતુલન, રિલૅક્સેશન, ઇમોશન જોડાયેલું છે, પરંતુ જ્યાં સુધી એની બાકીની પ્રવૃત્તિ ખોરવાય નહીં ત્યાં સુધી જ!

પ્રેમિકા કે પત્ની જો એના ઑફિસના સમયમાં વારંવાર ફોન કરીને એને 'ડિસ્ટર્બ' કરવા માંડે, એની પાસે વધુ પડતા સમય કે અટેન્શનની માગણી કરે, વધારે પડતા પઝેસિવ થઈને બિનજરૂરી પૂછપરછ કે તપાસ કરે તો પુરુષની પ્રકૃતિ ઊંધા જવાબ આપવાની, જૂઠું બોલવાની કે એથીયે આગળ વધીને - અકળાઈને રિઍક્ટ થવા માટે એને ધકેલે છે. આ એક એવો ગૂંચવાયેલો મામલો છે જેનો હલ આજ સુધી ભલભલા લોકો શોધી શક્યા નથી. માનસિક મુક્તિની ઝંખના પુરુષને કોઈ કારણ વગર પ્રેમથી અથવા સંબંધથી દૂર લઈ જાય છે. આમાં મહદંશે સંબંધમાં રાખવામાં આવતી વધુ પડતી અપેક્ષાઓ જવાબદાર પુરવાર થાય છે. દુનિયાનો કોઈપણ જીવ મુક્તિ ઝંખે છે. વૃક્ષને પણ ખુલ્લી હવા અને સૂર્યપ્રકાશ જોઈએ છે, પંખીને આકાશ જોઈએ છે. પ્રાણીઓ જંગલમાં જ વધુ સારી રીતે જીવી શકે છે, એનો અર્થ એ થાય છે કે જીવ માત્ર બંધનમુક્ત જીવવાની ઝંખના સાથે જન્મે છે. 'લગ્ન' એ જરૂરિયાત નથી, વ્યવસ્થા છે. સામાજિક સંતુલન જાળવી રાખવા માટે ગોઠવાયેલી આ વ્યવસ્થા ખરેખર સ્ત્રી-પુરુષ સંબંધની જરૂરિયાત નથી. કદાચ બહુ ક્રૂડ લાગે અથવા અણગમતું લાગે તો પણ સત્ય એ છે કે બે વિજાતીય વ્યક્તિઓ એકબીજાની સાથે શારીરિક રીતે અથવા ઇમોશનલી આકર્ષાય છે. સમાજે આપેલી સમજ અને ઉછેરમાં શીખવાડવામાં આવતી કેટલીક બાબતોને કારણે મોટાભાગના લોકો એમ માને છે કે પ્રેમ વગરનો શારીરિક સંબંધ ગુનો છે અથવા ખોટો છે. કોઈ વિજાતીય વ્યક્તિ પ્રત્યેના આકર્ષણને પ્રેમ માની લેવાની ભૂલ મોટાભાગના લોકો કરતા હોય છે. ગુણવંત શાહે લખ્યું છે, 'એક માણસ બે ભૂરી આંખોના પ્રેમમાં પડ્યો અને આખા શરીરને પરણવાની ભૂલ કરી બેઠો.' પુરુષ માટે આકર્ષણ એ પ્રકૃતિગત સહજ બાબત છે. સ્ત્રીને ટીકી ટીકીને જોતો પુરુષ એ આપણા સમાજનું સ્વાભાવિક દૃશ્ય છે. આને માટે માત્ર આકર્ષણ જવાબદાર છે... જે પુરુષ પોતાની જાતને સમજી શકે છે, ઓળખી શકે છે એને ખબર છે કે એને જિંદગીમાં ખરેખર શું જોઈએ છે.

જો ઇમોશનલ જરૂરિયાત મુક્તિની જરૂરિયાત કરતાં વધારે હોય તો નાનાં-મોટાં સમાધાન કરવા પુરુષ તૈયાર થાય છે, પરંતુ જો એને માટે લગ્ન એ એનાં માતા-પિતાની ઇચ્છા, સંતાનની ઝંખના કે સગવડની અપેક્ષા હોય તો એની જરૂરયિાત એને આ સમાધાન કરવા માટે મજબૂર કરે છે, પરંતુ આ બધાની બહાર જો એની મુક્તિની ઝંખના પ્રબળ હોય અને દુનિયાના કોઈપણ

કારણ માટે એને પોતાનું સ્વાતંત્ર્ય અથવા ઇમોશનલ ઇન્ડિપેન્ડન્સ છોડવાની ઇચ્છા ન હોય એવા પુરુષો 'પ્રેમ' નામના શબ્દથી દૂર ભાગે છે. મિત્રોના પ્રણયસંબંધોમાંથી કે આસપાસનાં લગ્નોમાંથી એ એટલું શીખી ગયા હોય છે કે સ્ત્રી સાથેનો ઇમોશનલ સંબંધ રિસ્પૉન્સિબિલિટીથી વધીને લાયેબિલિટી સુધી વધી જશે. પોતે ક્યાં છે એ કહેવું પડશે, ફરિયાદો સાંભળવી પડશે, અભાવનું લિસ્ટ સતત લાંબું થતું જશે અથવા પોતે શું કર્યું છે - કરી રહી છે એ જણાવીને પત્ની કે પ્રેમિકા સતત પોતાનું ધાર્યું કરાવવાનો પ્રયત્ન કરશે... આ જો એક પુરુષનું કન્ડિશન લર્નિંગ હોય તો સમય સાથે એ સ્ત્રીથી દૂર રહેવાનું પસંદ કરે છે. 'ટુ સ્ટેટ્સ' નામની ફિલ્મમાં અર્જુન કપૂર કહે છે, 'થક ગયા હૂં પાપા કી કમી પૂરી કરતે કરતે...' અથવા હમણાં દેખાતી એક મૅકડોનલ્ડની ઍડમાં નાનકડો છોકરો કહે છે, 'ગર્લફ્રેન્ડ બહોત ડિમાન્ડિંગ હોતી હૈ...' આ નવી પેઢીના સંવાદો છે.

જસ્ટ ફ્રેન્ડ્સ, સેક્સ બડીઝ કે બૉયફ્રેન્ડ-ગર્લફ્રેન્ડ, કમ્પેનિયન કે રિલેશનશિપ જેવા શબ્દોને હવે નવી પેઢીમાં 'પ્રેમ'ના પર્યાય સ્વરૂપે વાપરવામાં આવે છે. વધુ ફોકસ્ડ, વધુ પ્રામાણિક અને વધુ સ્પષ્ટવક્તા આ નવી પેઢી સમજી શકે છે કે એને શું જોઈએ છે અને બદલામાં એ શું આપવા તૈયાર છે એની પણ એમની પાસે પ્રમાણમાં સ્પષ્ટ સમજ છે. થોડાં વર્ષો પહેલાં 'આઇ લવ યુ'ના ત્રણ શબ્દોનો અર્થ 'વિલ યુ મૅરી મી?' થતો હતો, હવે એવું નથી. આકર્ષણ હોય, લાગણી હોય, સાથે સમય વિતાવવો ગમતો હોય કે શારીરિક સંબંધો હોય ત્યાં સુધી નવી પેઢી એને 'પ્રેમ' તરીકે ન સ્વીકારે એવું પણ બને! હજી દસકા પહેલાં પુરુષ કે સ્ત્રી શારીરિક નિકટતાને સ્વાભાવિકપણે પ્રેમનું નામ આપી દેતાં હતાં, પરંતુ હવે સંબંધોમાં સ્પષ્ટતા દાખલ થઈ છે. આ સારું છે કે ખોટું એવા લેબલ લગાડવાને બદલે આને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. પુરુષની પ્રકૃતિને ઓળખીને એની સાથે સંબંધ બાંધનાર સ્ત્રીએ સામાન્યતઃ પસ્તાવું પડતું નથી. દરિયાનાં મોજાંની જેમ ધસમસતો આવેલો અને પાકા ફળની જેમ ગુરુત્વાકર્ષણથી ખોળામાં પડેલો પુરુષ પ્રેમના શરૂઆતના તબક્કામાં અને 'આઇ લવ યુ'ની કબૂલાત થઈ ગયા પછી, કેટલાક સંબંધોમાં શારીરિક નિકટતા પછી બદલાય છે... અથવા બદલાઈ જવું એની પ્રકૃતિ છે... આ વાતને સ્વીકારીને સંબંધમાં દાખલ થનારી સ્ત્રીઓ પ્રમાણમાં ઓછી દુઃખી થાય છે. એવું નથી કે આવી સ્ત્રીઓ નથી હોતી, પરંતુ સ્ત્રીની પ્રકૃતિ ઋજુતા અને


સંવેદન સાથે જોડાયેલી છે, એટલે સ્ત્રી માટે પ્રેમમાં પડવું અથવા ઇમોશનલી કોઈના પર આધારિત - ડિપેન્ડન્ટ હોવું એ પ્રિવિલેજ અથવા સુખની બાબત છે, જ્યારે પુરુષ માટે 'પ્રેમ' ઘણી વાર સ્કેરી અથવા હોરિફાઇંગલી બાંધનારી બાબત છે. પછીથી પસ્તાવા કરતાં પ્રેમમાં નહીં પડવું - કારકિર્દી પર ફોકસ રાખવું - પૈસા કમાવા અને સમજદારીભર્યા શારીરિક સંબંધો રાખવા એ વાત કેટલાક પુરુષોને માફક આવી જાય છે...

ચલો એક બાર ફિર સે અજનબી બન જાયે... એવું કહેવા કરતાં ઔર ભી ગમ હૈ જમાને મેં મોહબ્બત કે સિવા... માનનારા પુરુષોની સંખ્યા વધતી જાય છે.

---

થોડાં વર્ષો પહેલાં 'આઇ લવ યુ'ના ત્રણ શબ્દોનો અર્થ 'વિલ યુ મૅરી મી?' થતો હતો, હવે એવું નથી. આકર્ષણ હોય, લાગણી હોય, સાથે સમય વિતાવવો ગમતો હોય કે શારીરિક સંબંધો હોય ત્યાં સુધી નવી પેઢી એને 'પ્રેમ' તરીકે ન સ્વીકારે એવું પણ બને! હજી દસકા પહેલાં પુરુષ કે સ્ત્રી શારીરિક નિકટતાને સ્વાભાવિકપણે પ્રેમનું નામ આપી દેતાં હતાં, પરંતુ હવે સંબંધોમાં સ્પષ્ટતા દાખલ થઈ છે. આ સારું છે કે ખોટું એવા લેબલ લગાડવાને બદલે આને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ.

---



# ઇલાસ્ટિક ઇમોશન્સ : સ્થિતિસ્થાપકતા કાયમી ગુણ નથી

'મને લાગે છે કે આપણે થોડા દિવસ ના મળવું જોઈએ.' નિશીથની આંખોમાં કંઈક એવું હતું જે પ્રાચીને સમજાયું નહીં.

'કેમ?' પ્રાચીને આઘાત લાગ્યો.

'બસ એમ જ. મને લાગે છે કે હું બહુ સમય તારી સાથે વિતાવું છું.' નિશીથે કહ્યું. પ્રાચીને ખૂબ નવાઈ લાગી. પ્રાચી અને નિશીથ છેલ્લા એક વર્ષથી એકબીજાને મળતાં હતાં. એક ઑફિસમાં સાથે કામ કરતાં કરતાં પહેલાં મિત્રતા અને હવે પ્રણયનો સંબંધ હતો.

'પણ...' શું કહેવું એ પ્રાચીને સમજાયું નહીં. એ થોડી વાર નિશીથની આંખોમાં જોતી રહી.

એ પછીના દિવસો પ્રાચી માટે ભયાનક હતા. એ જ નિશીથ, જે દિવસમાં દસ-દસ ફોન કરતો હતો એણે ધીમે-ધીમે સાંજે એક જ ફોન કરવાનું શરૂ કર્યું. પ્રાચી જેટલી મળવાની વાત કરે એટલી વાર નિશીથ કોઈ ને કોઈ કારણસર પ્રાચીની વાત ટાળતો. ધીરે-ધીરે પ્રાચીની અકળામણ વધી ગઈ. એને લાગ્યું કે એનાથી કોઈ ભૂલ થઈ છે.

'નિશીથ, આઇ ઍમ સૉરી!' પ્રાચીએ એક નવો પ્રયત્ન કરી જોયો, 'મારી કોઈ ભૂલ થઈ હોય, હું ક્યાંય ખોટી હોઉં, એવું કંઈ પણ હોય તો મને કહે... તું કહીશ એમ કરીશ. આઇ ડોન્ટ વૉન્ટ ટુ લૂઝ યુ...'

'અરે! આ વળી નવું શું છે?' નિશીથ ચિડાયો.

'કેટલાય વખતથી તું મારી સાથે વિચિત્ર રીતે વર્તે છે.' પ્રાચી રડી પડી, 'શું થયું છે તને? તું કોઈ બીજી છોકરીની સાથે...'

'નૉનસેન્સ' નિશીથે વચ્ચેથી જ પ્રાચીની વાત કાપી નાખી, 'આ બધું શું છે?'

'નિશીથ... આઇ લવ યુ' પ્રાચીએ કહ્યું.

'હા! આઇ લવ યુ ટુ' નિશીથે કહ્યું તો ખરું, પણ પ્રાચીને એ વાક્યમાં પહેલાં જેવો રણકો સંભળાયો નહીં. પ્રાચીએ રડતાં રડતાં આખી વાત એની દોસ્ત પ્રિયંકાને કરી.

પ્રિયંકાએ નિશીથને ફોન કરીને સીધું જ પૂછી નાખ્યું, 'શું વાત છે નિશીથ? હવે તને પ્રાચીમાં રસ નથી રહ્યો?'

'એવું મેં કહ્યું?' નિશીથ સહેજ અકળાયો, 'શું પ્રૉબ્લેમ છે? શેને માટે મારું લોહી પીઓ છો?'

'વૉટ ડુ યુ મીન?' પ્રિયંકાએ વળી વાતનું વતેસર કરી નાંખ્યું, 'તમને પુરુષોને બસ આ જ આવડે છે. કોઈના ઇમોશન સાથે રમવાનું, લફરાબાજી કરવાની અને પછી મન ભરાઈ જાય એટલે માણસને પડતા મૂકી દેવાના. એક વાત યાદ રાખજે. પ્રાચીને દુઃખ થશે તો હું તને છોડીશ નહીં.'

'સારું.' કહીને નિશીથે ફોન ડિસ્કનેક્ટ કરી નાખ્યો. એક પછી એક લોકોને પ્રાચી વાત કરતી રહી. બધા નિશીથને સમજાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા. નિશીથને સમજાયું નહીં કે પ્રાચી આટલા બધા લોકોને એમની બે જણની અંગત બાબતમાં કેમ ઘસડી રહી છે.

પ્રાચી જેમ વધારે લોકોને ઇન્વૉલ્વ કરતી ગઈ એમ નિશીથ વધુ ને વધુ વિડ્રો થતો ગયો. જેમ નિશીથ વધુ વિડ્રો થતો ગયો એમ પ્રાચીએ વધુ મરણિયા થઈને ફોન કરવા માંડ્યા, લોકોને ઇન્વૉલ્વ કરવા માંડ્યા... ને જેમ વધુ લોકો પ્રશ્નો પૂછવા લાગ્યા તેમ તેમ નિશીથે પોતાની જાતને વધુ ને વધુ બંધ કરવા માંડી.

ઘણા બધા પ્રણયસંબંધોમાં આવું થાય છે, થતું રહે છે. સ્ત્રી અને પુરુષની પ્રકૃતિ જુદી છે - શરીરથી શરૂ કરીને મન સુધી. પ્રણયથી શરૂ કરીને પથારી સુધી! તદ્દન જુદા વિચાર ધરાવતાં, જુદી માનસિકતા ધરાવતાં અને સંબંધમાંથી જુદી જ અપેક્ષા રાખતાં બે જણ જ્યારે ભેગાં થાય ત્યારે કેટલાંક ઘર્ષણો ઊભાં થાય છે. આ ઘર્ષણો માનસિક સ્તરનાં અને એકબીજાની ઇમોશનલ જરૂરિયાતનાં ઘર્ષણો છે. સામાન્ય રીતે પ્રેમમાં પડેલો પુરુષ શરૂઆતમાં દરિયાનાં મોજાંની જેમ ધસમસતો આવે છે. થોડોક સમય એ ઉન્માદની સ્થિતિ એન્જૉય કર્યા પછી દરિયાની મોજાંની જેમ જ થોડાંક વળતાં પાણી થાય છે. સામાન્ય પરિસ્થિતિમાં પુરુષને પોતાના ઇમોશન્સનું બૅલૅન્સ ખોવાનું પોસાય એમ નથી

હોતું. જે પુરુષ પ્રેમમાં પડે છે, પહેલી વાર કે ગમે તેટલી વાર, પણ પુરુષ માટે પ્રેમમાં પડવાની સ્થિતિ સ્વયં પરથી નિયંત્રણ ખોવાની સ્થિતિ છે. વ્યવસાયને કે શિક્ષણને કેન્દ્રસ્થાને મૂકીને જીવવાનું પુરુષને શીખવવામાં આવ્યું છે. સાવ નાનકડો હોય ત્યારથી એને એવું કહેવામાં આવે છે કે, એણે પોતાનું ફોકસ ખોવાનું નથી. પુરુષ જ્યારે પ્રેમમાં પડે છે ત્યારે એનો અનુભવ જરા નવતર હોય છે. પ્રેમ ગમે તેટલામી વારનો હોય, પરંતુ અનુભવના લેવલ પર એ દરેક વખતે એક ફ્રેશ અનુભવ બનીને પુરુષની જિંદગીમાં આવે છે.

સતત ફોકસ રહીને પોતાની કારકિર્દી કે પોતાના વ્યવસાય પર હન્ડ્રેડ પરસેન્ટ એનર્જી ખર્ચી રહેલા પુરુષ માટે પ્રેમમાં પડવાનો અનુભવ, 'આજ મૈ ઉપર, આસમાં નીચે...' જેવો હોય છે (આ બધી એક જનરલ ઑબ્ઝર્વેશન સાથે જોડાયેલી સામાન્ય બાબતો છે. દરેક નિયમને અપવાદ હોઈ શકે એવી જ રીતે જુદા પ્રકારના પુરુષો - જુદી માનસિકતા કે જુદી મેન્ટલફ્રેમ હોઈ જ શકે!) પ્રેમમાં પડેલો પુરુષ સામાન્યતઃ ટીનએજના છોકરા જેવું વર્તે છે. એને બીજું કશું સૂઝતું નથી. એના મનમાં સતત એક જ ખ્યાલ છવાયેલો રહે છે. દરેક પ્રેમ સાથે સેક્સ હોય જ, એવું જરૂરી નથી, પરંતુ મોટાભાગના પુરુષોનો પ્રેમ સ્ત્રીના શરીર અને સૌંદર્ય સાથે પણ જોડાયેલો હોય છે. જ્યાં સુધી એ સ્ત્રીને 'પામી લેવાનો' એનો ખ્યાલ પૂરો નથી થતો ત્યાં સુધી સામાન્ય પુરુષ માટે બીજું કંઈ પણ ફોકસ કરવું પ્રમાણમાં અઘરું હોય છે. આવા સમયે જો ગંભીર અને વ્યાવસાયિક રીતે ફોકસ્ડ પુરુષ હોય તો એને અચાનક એવું સમજાય છે કે એ ક્યાંક અટવાયો છે.

સ્ત્રી જ્યારે પ્રેમમાં પડે છે ત્યારે 'હેડ ઓવર હિલ્સ' પડે છે. એને માટે જગતનાં તમામ સત્યો (સામાન્ય રીતે) એના 'પ્રેમ' સુધી આવીને પૂરાં થઈ જાય છે. સ્ત્રી માટે પ્રેમ એના સંબંધનો પ્રાણવાયુ છે, કદાચ! રોમૅન્ટિક કલ્પનાઓ અને સંબંધમાં રહેલો 'રોમાન્સ' પૂરતો થઈ પડે છે... પરંતુ એ સતત ચાલવો જોઈએ એવી સ્ત્રીની 'જરૂરિયાત' છે. પુરુષની જિંદગીમાં સ્ત્રીની જગ્યા થાળીમાં રહેલા મિષ્ટાન્ન જેવી હોય છે, એનું મહત્ત્વ આગવું છે, પણ એના વગરની થાળી 'અધૂરી' ન હોઈ શકે! ડિપેન્ડન્સ અથવા આધારિત રહેવું એ સ્ત્રી માટે કદાચ 'જરૂરિયાત' છે


પરંતુ પુરુષ માટે આધારિત રહેવાની લાગણી ભય પ્રેરતી એક એવી બાબત

છે જે એને સમજાય - રિયલાઇઝ થાય કે તરત જ પુરુષને આવા ડિપેન્ડન્સમાંથી બહાર નીકળી જવાની જરૂરિયાત લાગે છે. કોઈપણ એક સ્ત્રી-પુરુષના સંબંધમાં આધારિત રહેવું અને આધારિત હોવાનું સ્વીકારવું, આવી બે જુદી બાબતો છે. પ્રેમિકા કે પત્નીને, મા ને કે પુત્રીને... પોતાના જીવનનો મહત્ત્વનો પુરુષ પોતાના પર આધારિત હોય એમાં જ જીવનનું સાર્થક્ય લાગે છે, જ્યારે પુરુષને પોતાના જીવનની સ્ત્રી પોતાના પર આધારિત હોય એમાં પોતાનું પુરુષત્વ સફળ થતું લાગે છે ખરું, પરંતુ જ્યારે સ્ત્રીનું ડિપેન્ડન્સ ઇમોશનલ થઈ જાય - નાની વાતમાં સ્ત્રી પુરુષની મદદ માગે, સલાહ માગે કે જાતે કશું જ ન કરી શકે ત્યારે પાછું એને 'સફોકેશન' કે 'બોજ' લાગવા માંડે છે! દુનિયાનો સૌથી નાજુક અને સૌથી કૉમ્પ્લિકેટેડ, ન સમજાય તેવો, તેમ છતાં એના વિના જીવવું અઘરું પડે એવો સંબંધ - મેન-વુમન રિલેશનશિપ છે!

સંતો, પંડિતો, સરમુખત્યારો અને ભલભલા સફળ સ્ટાર્સ પણ જ્યારે પ્રેમમાં પડે છે ત્યારે થોડો સમય માટે બુદ્ધિને કોરે મૂકી દે છે - એવો માણસ અને મીડિયા બંનેનો અનુભવ છે. આ પરિસ્થિતિમાં જ્યારે પુરુષને લાગે છે કે એ ઇમોશનલી વધુ ને વધુ 'વીક' થતો જાય છે ત્યારે એને માટે સ્વયંને જગાડીને, 'આ બધા'માંથી બહાર નીકળવું એ જ પહેલો ઉપાય જણાય છે. દરેક પુરુષ આમાંથી જ નીકળી જાય છે, નીકળી જ શકે છે અથવા નીકળવા માગે છે એવું માની લેવું નકામું છે. પોતાના મનમાં ઊગેલી મહોબ્બતને સમજી શકે - સમજીને ઓળખી શકે - ઓળખીને જીવી શકે - જીવીને સ્વીકારી શકે - સ્વીકારીને એની સામે સમર્પિત થઈ જાય એવા પુરુષો પ્રમાણમાં ઓછા હોય છે... કોઈપણ પુરુષ જ્યારે પ્રગાઢ પ્રણયના સંબંધમાંથી પણ કારણ વગર વિડ્રો થવા માંડે, પાછાં પગલાં ભરવા માંડે ત્યારે એને પકડવાનો કે બાંધી રાખવાનો પ્રયત્ન પારાને હાથમાં પકડવા જેવો હોય છે!

ખરેખર તો આવા સમયે એને એની સ્પેસ આપીને રબર બૅન્ડની જેમ છોડી દેવો એ જ ઉત્તમ રસ્તો છે. એ પોતાની સેન્સ ઑફ બિલોન્ગિંગને ઓળખીને, સમજીને પાછો ફરે ત્યાં સુધી કરેલી પ્રતીક્ષા મોટાભાગે પ્રણયમાંથી પરિણય સુધી પહોંચે છે... પરિણય પરિણામ સુધી પહોંચે છે... અને સંબંધ શ્વાસ જેટલો શાશ્વત્ બનાવી શકાય છે. પાંજરું તૈયાર કરીને એમાં પુરુષને પૂરી દેવાનો પ્રયાસ પ્રણયસંબંધ પર કુહાડો મારવા જેટલો ઘાતક પુરવાર થઈ શકે, જેની પત્ની, પ્રેમિકા-પ્રેયસીએ નોંધ લેવી અનિવાર્ય છે.

પોતાના મનમાં ઊગેલી મહોબ્બતને સમજી શકે - સમજીને ઓળખી શકે - ઓળખીને જીવી શકે - જીવીને સ્વીકારી શકે - સ્વીકારીને એની સામે સમર્પિત થઈ જાય એવા પુરુષો પ્રમાણમાં ઓછા હોય છે... કોઈપણ પુરુષ જ્યારે પ્રગાઢ પ્રણયના સંબંધમાંથી પણ કારણ વગર વિડ્રો થવા માંડે, પાછાં પગલાં ભરવા માંડે ત્યારે એને પકડવાનો કે બાંધી રાખવાનો પ્રયત્ન પારાને હાથમાં પકડવા જેવો હોય છે!



# મૂછ વગરનો મર્દ... સ્ત્રીત્વના ગુણો પુરુષ માટે નથી?

"પણ તને વાંધો શો છે?" રંજનબહેને ઉશ્કેરાઈને પૂછ્યું. એમનો ઉશ્કેરાટ વાજબી હતો. પ્રણાલીએ લગભગ આઠમા છોકરાને રિજેક્ટ કર્યો હતો. પહેલા સાત છોકરા સુધી તો આખીયે પરિસ્થિતિ ઘરના લોકોએ શાંતિથી સહન કરી, પરંતુ આ વખતે ઘરના સૌ ગુસ્સામાં હતા. મનન ખરેખર સારો છોકરો હતો. અમેરિકામાં એમ.બી.એ. કરતો હતો. પાછો આવીને સીધો ફેમિલી બિઝનેસમાં જોડાવાનો હતો. ખાતા-પીતા-પૈસાવાળા કુટુંબનો એકનો એક દીકરો. એક મોટી બહેન, જે પરણેલી હતી. હવે આવા છોકરામાં ના પાડવા જેવું શું હોય? એવું ઘરના દરેક માણસને થતું હતું. પ્રણાલીને મનાવવાનો દરેકે પોતાની રીતે પ્રયાસ કરી જોયો, પરંતુ એ કંઈ બોલતી જ નહોતી, 'ના' સિવાય...

"એ છોકરામાં શું ખરાબી છે એ તો સમજાવ મને." રંજનબહેને ફરી પૂછ્યું, "દેખાવડો છે, ઊંચો છે, જાડો નથી, ગોરો છે, પૈસાવાળા ઘરનો છે, પોતાનો બિઝનેસ છે. એક જ બહેન છે... હવે આમાં ના પાડવા જેવું શું છે એ તો સમજાવ."

"એ..." પ્રણાલીએ નીચી નજરે કહ્યું, "એને..." એ આગળ ન બોલી શકી.

"બોલ, મોઢામાંથી." રંજનબહેનની ધીરજ ખૂટી ગઈ હતી.

"એને મૂછો નથી." પ્રણાલી હજી આંખ ઉઠાવી શકી નહીં, "બહુ ગોરો છે, છોકરી જેવો." પ્રણાલી આટલું બોલી ત્યાં તો રંજનબહેને એના ગાલ પર તમાચો ઝીંકી દીધો.

"અક્કલ નથી તારામાં. મૂછો નથી એટલે લગન નહીં કરે? તારું તો મગજ ચસકી ગયું છે..." રંજનબહેનનો અવાજ ફાટી ગયો.

"પણ મને ગોરો છોકરો નથી ગમતો." પ્રણાલીએ સામી બૂમ પાડી, "ચૉકલેટ જેવા છોકરા સાથે લગન ન કરાય. મૂછો વગરના છોકરાને કિસ કેવી રીતે કરાય?" પ્રણાલીના ગાલ પર બીજો તમાચો પડ્યો, "તું ગમે તેટલું મારીશ, હું આની સાથે લગ્ન નહીં કરું."

રંજનબહેનને પ્રણાલીની વાત સમજાઈ કે નહીં, પણ આ એક જુદા પ્રકારનો ફિનોમિનન છે. ઘણી બધી છોકરીઓ માટે ગોરો અને મૂછો વગરનો છોકરો 'પુરુષ'ની કલ્પના સાકાર નથી કરી શકતો. મિલ્સ ઍન્ડ બૂન નામના એક પ્રકાશક વર્ષોથી એકસરખી પ્રેમકથાઓ છાપે છે. હવે કદાચ ત્રીજી પેઢી એ પ્રેમકથાઓ વાંચી રહી છે... જેમાં હીરો અનિવાર્યપણે ટી.ડી.એચ. (ટૉલ, ડાર્ક ઍન્ડ હૅન્ડસમ) હોવો જ જોઈએ! સામાન્ય રીતે આપણાં શાસ્ત્રોમાં જે દેવોની કલ્પના કરવામાં આવી છે એમાંના કોઈને મૂછ નથી. મોટાભાગના દેવોનાં ચિત્રો પ્રમાણમાં સ્ત્રૈણ છે. પૂર્ણપુરુષોત્તમ કહેવાતા કૃષ્ણ પણ મૂછ વગરના અને નમણા છે. છેલ્લા થોડા સમયમાં યુવાનોમાં શરીરના વાળ વૅક્સ કરવાનો કે શેવ કરવાનો ક્રેઝ ચાલ્યો છે. ફિલ્મના હીરોની છાતી પર એક પણ વાળ ન હોય અને ટ્રાન્સપરન્ટ શર્ટ પહેરીને સિક્સ પૅક્સ દેખાડવાની એક નવી ફૅશન છેલ્લા દાયકામાં આપણી સામે આવી છે. ધર્મેન્દ્ર, સંજીવકુમાર કે શશી કપૂર જેવા હીરો શર્ટનાં બે બટન ખુલ્લાં રાખતા અને છાતીના વાળ દેખાય એ એમના પુરુષત્વની નિશાની હતી. છેક અનિલ કપૂર સુધી હાથ અને છાતી પર વાળવાળો હીરો સ્ત્રીને 'એક્સાઇટ' કરતો રહ્યો. પછી અચાનક સમય બદલાયો અને પુરુષો પણ શરીર અને છાતી પર વૅક્સ કરાવતા થયા. મૂછ કાઢી નાખતા થયા.

શાહરુખ ખાનથી શરૂ કરીને આમિર, સલમાન, સુનીલ શેટ્ટી કે અજય દેવગણ જેવા માચો હીરો પણ 'મૂછ' નથી રાખતા. 'હાથ નહીં, હથોડા હૈ' કહેનારા સની દેઓલને પણ મૂછ નથી! મજાની વાત એ છે કે આ બધા હીરો પોતાની જાતને ગમે તેટલા માચો મૅન કહેવડાવે, પરંતુ એમના ચહેરાની અને શરીરની આળપંપાળ કોઈ છોકરી કરતાં પણ વધારે કરતા હોય છે. પુરુષ એટલે રફ, પુરુષ એટલે બરછટ, પુરુષ એટલે તોછડો, પુરુષ એટલે સંદેવનાહીન, અહંકારી? પુરુષ પોતાની લાગણીઓ ન બતાવે, વહાલ ના કરે... એના સ્પર્શમાં ઋજુતા ના હોય, એની આંખમાં પાણી ના આવે... આવું ક્યાંય લખ્યું નથી. આવા કોઈ નિયમો નથી. સામાન્ય રીતે એવું થાય છે કે સ્ત્રીના મનમાં પુરુષ વિશેના જે ખ્યાલો હોય તે એની આસપાસના લોકોને જોઈને બંધાય છે. કાચી ઉંમરે જે

'હીરો' હોય એને વિશેની સેક્સ્યુઆલિટીઝ કોઈપણ છોકરીમાંથી યુવતી બનતી વ્યક્તિમાં ડેવલપ થાય છે. ઘણી વાર એવું બને કે આ હીરો એના 'કાકા' હોય, 'મામા' હોય, 'મોટો ભાઈ' હોય, 'બનેવી' કે પડોશીના પતિ પણ હોય! એ કેવા દેખાય છે, શું પહેરે છે, કઈ રીતે વર્તે છે એ બધા જ ગુણો પોતાના ભાવિ પતિમાં કોઈપણ છોકરી શોધે છે.

'ક્યુટ' છોકરો કદાચ બૉયફ્રેન્ડ તરીકે ગમતો હોય તો પણ પતિ તરીકે પસંદ ન પડે એવું પણ બને. કલ્પનામાં જેને 'હીરો' તરીકે જોયો હોય એ પુરુષની છબિ સામાન્યતઃ છોકરી પોતાના પતિમાં જોવા માગે છે. આની પાછળ બહુ સિમ્પલ સેક્સ્યુઅલ રિઝન્સ છે. કોઈ વ્યક્તિને જોવાથી થાય એને આકર્ષણ કહેવાય અને જાણવાથી થાય એને પ્રેમ કહેવાય, પરંતુ આ વાત યુવાન હૈયાંઓને સમજાતાં કદાચ સમય લાગતો હશે. દેખાવડો, સ્ટાઇલિશ, મોટર સાઇકલ ચલાવતો, ચાવી ગોળ-ગોળ ઘુમાવતો, ચ્યુઇંગ-ગમ ચાવતો કે રૅબેનના ગ્લાસિસ પહેરેલો છોકરો પહેલી નજરે બહુ ગમી જાય તો એને આકર્ષણ કહેવાય. એ છોકરો બીજી કેટલી છોકરીઓને ફેરવે છે – વફાદાર છે કે નહીં ત્યાંથી શરૂ કરીને એ જવાબદારી લઈ શકે તેમ છે કે નહીં, સારો પતિ બની શકે એમ છે કે નહીં, સારો પિતા બનશે કે નહીં? આ બધું તો એને જાણ્યા પછી જ કહી શકાય. એક એવી માન્યતા પણ પ્રવર્તે છે કે ઊંચો, સુદૃઢ શરીર ધરાવતો મૂછવાળો પુરુષ પથારીમાં વધુ 'પૌરુષ' પુરવાર કરી શકે છે. ખરેખર પૌરુષ એ કોઈ કુસ્તીની રમત નથી. સ્ત્રીના શરીરને સમજનારો, ઓળખનારો અને એને યોગ્ય રીતે હેન્ડલ કરી શકે એ પુરુષ જ અંતે સ્ત્રીને 'ગમતો' પુરુષ પુરવાર થાય છે. કોઈ એક કલ્પનાની છબિથી કોઈ એક વ્યક્તિ વિશે ધારી લેવું એ સ્ત્રીની પ્રકૃતિ હોઈ શકે. મનોમન કોઈને શોધતી સ્ત્રી જ્યારે એક પુરુષને ગમા-અણગમાના ત્રાજવામાં તોળે છે ત્યારે પુરુષે એને અંતિમ સત્ય માનવાની જરૂર નથી. જે સ્ત્રી દેખાવ પરથી કોઈપણ પુરુષ વિશે નિર્ણય કરે છે એ સાચો નિર્ણય નથી કરી રહી એટલું તો નક્કી જ છે.

આ બધા જ 'માચો હીરો'ની વચ્ચે શાહરુખ ખાને પોતાની જગ્યા બનાવી. સુપર સ્ટારડમ સુધી જઈને પુરવાર કર્યું કે બાવડાંના મસલ્સને પુરુષત્વ સાથે કોઈ નિસબત નથી. રાજેશ ખન્ના કે અમિતાભ બચ્ચને પણ ક્યારેય પોતાના મસલ્સના જોરે સ્ત્રીઓને જીતી નથી. આપણી ફિલ્મોના ચાર સુપરસ્ટાર – દિલીપકુમાર, રાજેશ ખન્ના, અમિતાભ બચ્ચન અને શાહરુખ ખાનમાંથી